CBSEએ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે અભ્યાસક્રમ અંગે નવી સ્પષ્ટતા કરી

CBSEના ધોરણ-9ના વિદ્યાર્થીઓને હવેથી ત્રણ વિષયો નહીં ભણાવાય

'ઇન્ડિવિઝ્યુઅલ્સ ઇન સોસાયટી', CT અને AIનાં મોડ્યુલ્સ તથા ધોરણ-10માં 'એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન' વિષય બાકાત

વોકેશનલ એજ્યુકેશન ફરજિયાત, બે વિકલ્પ મળશે

બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે ધોરણ-9 (2026-27)થી ધોરણ-10 (2027-28)માં આગળ વધનારા વિદ્યાર્થીઓ માટે વ્યાવસાયિક શિક્ષણ ફરજિયાત અભ્યાસ ક્ષેત્ર તરીકે ચાલુ રહેશે. આ માટે વિદ્યાર્થીઓ 'કૌશલ વિકાસ'વિષય અથવા બોર્ડ દ્વારા સૂચિત 22 સ્કિલ વિષયોમાંથી કોઈ એક વિષય પસંદ કરી શકશે. જે વિદ્યાર્થીઓ 'કૌશલ વિકાસ'પસંદ કરશે, તેમનું મૂલ્યાંકન શાળા કક્ષાએ આંતરિક રીતે કરવામાં આવશે. જ્યારે 22 સ્કિલ વિષયોમાંથી કોઈ એક પસંદ કરનારા વિદ્યાર્થીઓએ ધોરણ-10માં સંબંધિત વિષયની બોર્ડ પરીક્ષા આપવી પડશે.

સુરતઃ CBSE દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27માં ધોરણ-9માં અભ્યાસ કરતા અને વર્ષ 2027-28માં ધોરણ-10માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ અંગે સર્ક્યુલર નંબર Acad-70/2026 જાહેર કરીને અભ્યાસક્રમના અમલીકરણ અને વિવિધ વિષયોની પસંદગી અંગે માર્ગદર્શિકા બહાર પાડી છે.

નવા પરિપત્ર મુજબ, કેટલાક વિષયોનો આ બેચના અભ્યાસક્રમમાં સમાવેશ નહીં થાય, જ્યારે વ્યાવસાયિક શિક્ષણ (વોકેશનલ એજ્યુકેશન) ફરજિયાત વિષય તરીકે ચાલુ રહેશે. CBSEના પરિપત્ર મુજબ, ધોરણ-9માં શૈક્ષણિક વર્ષ 2026-27 દરમિયાન ભણતા વિદ્યાર્થીઓ માટે 'ઇન્ડિવિઝ્યુઅલ્સ ઇન સોસાયટી'વિષય તેમજ CT અને AIનાં મોડ્યુલ્સ અભ્યાસક્રમનો ભાગ નહીં રહે. આ ઉપરાંત, વર્ષ 2027-28માં ધોરણ-10માં અભ્યાસ કરતા આ જ બેચ માટે 'એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન'વિષય પણ અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવશે નહીં. અભ્યાસક્રમના અમલીકરણના સમયપત્રકને અનુરૂપ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષ 2025-26ના અભ્યાસક્રમમાં ઉપલબ્ધ અન્ય તમામ વૈકલ્પિક વિષયો ધોરણ-9 (2026-27) અને ધોરણ-10 (2027-28)માં પણ ચાલુ રહેશે. વિષયોની પસંદગી અને મૂલ્યાંકન સંબંધિત વધુ વિગતો માટે બોર્ડે પરિપત્ર સાથે જોડવામાં આવેલી ટેબલ-1, ટેબલ-2 અને વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)ની માર્ગદર્શિકા જોવા જણાવ્યું છે.

કુદરતી મોત હત્યા નીકળી, સ્મશાન ગૃહેથી મૃતદેહ પાછો લાવવામાં આવ્યો

સુરત રેલવે સ્ટેશન પર 47 વર્ષીય વ્યક્તિનો પ્લેટફોર્મ નં-4 પરથી મૃતદેહ મળ્યો હતો

ફોરેન્સિકમાં માથામાં ગંભીર ઈજાથી હત્યાનો ખુલાસો, રેલવે પોલીસ પોલીસ દોડતી થઈ

મૃતક નાસિકનો રહેવાસી

મૃતકની ઓળખ મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના મૂળ નિવાસી નિતિનભાઈ ઉમેશલાલ ઠક્કર તરીકે થઈ છે. બુધવારે બપોરે સ્ટેશન પર તેમનો મૃતદેહ મળ્યાની જાણ થતાં રેલવે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ મોકલ્યો હતો. ફોરેન્સિક મેડિસિન વિભાગના ડો. સંદીપભાઈએ તપાસ દરમિયાન શરીર પર અનેક ઈજાઓ હોવાની પુષ્ટિ કરી હતી. સુરત રેલવે પોલીસના DYSP ડી.એચ. ગૌરના જણાવ્યા મુજબ, નિતિનભાઈ રખડું જીવન જીવતા હતા. તેઓ ઘણા સમય પહેલાં ઘર છોડીને નીકળી ગયા હતા અને ક્યારેક-ક્યારેક પોતાની બહેન સાથે ફોન પર સંપર્ક કરતા હતા. પરિવારમાં તેમની એક બહેન છે.

સુરત રેલવે પોલીસની બેદરકારી છતી થઈ

સુરત રેલવે સ્ટેશન પર મળેલા નિતિન ઠક્કરના કેસમાં પોલીસની બેદરકારી સામે આવી છે. પ્રાથમિક તપાસમાં પોલીસે કુદરતી મૃત્યુ ગણીને મૃતદેહ પરિવારને સોંપી દીધો હતો અને તેને સ્મશાન ગૃહે લઈ જવાયો હતો. બાદમાં સ્મીમેરના ડોક્ટરોએ શરીર પર ઈજાના નિશાન હોવાનું કહેતા પોલીસ દોડતી થઈ હતી. તાત્કાલિક સ્મશાન ગૃહેથી મૃતદેહ પાછો લાવવામાં આવ્યો અને પેનલ પોસ્ટમોર્ટમ કરાવાયું, જેમાં હત્યાનો ખુલાસો થયો. આ ઘટનાએ પોલીસની તપાસ સામે સવાલો ઊભા કર્યા છે.

CCTV ફૂટેજ તપાસી રહી છે પોલીસ

પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં હત્યાની પુષ્ટિ થયા બાદ રેલવે પોલીસે તપાસ તેજ કરી દીધી છે. થાના પ્રભારીને આ કેસની તપાસ સોંપવામાં આવી છે. પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓની ઓળખ માટે સ્ટેશનના CCTV ફૂટેજ અને અન્ય ઉપલબ્ધ પુરાવાઓની તપાસ શરૂ કરી છે.

મોબાઈલ ચોરી પાસવર્ડ મેળવી રૂ. 1.44 લાખ સેરવી લીધા!

ગોડાદરાના કૂલના વેપારીના પિતાના સેમસંગ મોબાઇલમાંથી ફોન-પે મારફતે બે દિવસમાં ચાર ટ્રાન્ઝેક્શન થયાં

સુરતઃ ફૂલપાડા વિસ્તારમાં ફૂલોનો વેપાર કરતા યુવાનના પિતાના મોબાઈલ ફોનમાંથી પંજાબ નેશનલ બેંકના ખાતામાંથી કુલ રૂ. 1.44 લાખ અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર થઈ ગયા હતા. મોબાઈલ ગુમ થયા બાદ નવા ફોનમાં ફોન-પે શરૂ કરીને બેંક બેલેન્સ તપાસતાં આ વ્યવહારોની જાણ થઈ હતી. આ મામલે ગોડાદરા પોલીસે ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.

ગોડાદરા વિસ્તારમાં પ્રિયંકાનગર વિભાગ-2, લક્ષ્મણનગર પાસે રહેતા અમિત ગંગારામ માલી (ઉં.વ. 31) ફુલપાડા, અશ્વિનીકુમાર વિસ્તારમાં ફૂલોનો વેપાર કરે છે. તેઓ છેલ્લા 14 વર્ષથી પરિવાર સાથે પોતાના મકાનમાં રહે છે. તેમના પિતા ગંગારામ માલીનું પંજાબ નેશનલ બેંકની સહારા દરવાજા, રિંગરોડ શાખામાં ખાતું છે. તેમના પિતાનો મોબાઈલ ગત 22 સપ્ટેમ્બર, 2026ના રોજ બપોરે આશરે બે વાગ્યાના અરસામાં ચોરાઈ ગયો હતો.

ત્યારબાદ 24 સપ્ટેમ્બરની રાત્રે પિતા માટે નવો મોબાઈલ ખરીદવામાં આવ્યો હતો. બીજા દિવસે સવારે આશરે 11 વાગ્યે અમિતે નવા ફોનમાં ફોન-પે એપ્લિકેશન ડાઉનલોડ કરી બેંક ખાતાનું બેલેન્સ તપાસ્યું હતું. ત્યારે ખાતામાંથી શંકાસ્પદ નાણાકીય વ્યવહારો થયાનું સામે આવ્યું હતું.22 સપ્ટેમ્બરે બપોરે 2:51 વાગ્યે રૂ. 2,000 અને રૂ. 95,000, જ્યારે 23 સપ્ટેમ્બરે સાંજે 7:38 વાગ્યે રૂ. 21,000 તથા 7:54 વાગ્યે રૂ. 26,000 ટ્રાન્સફર થયા હતા. આમ, બે દિવસમાં કુલ રૂ. 1,44,000 અલગ-અલગ ખાતાઓમાં જમા થયા હતા.આ અંગે 25 સપ્ટેમ્બરે મોબાઈલ ગુમ થયાની અરજી આપવામાં આવી હતી. ત્યારબાદ સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર 1930 પર ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ગોડાદરા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

વહીવટીમાં યુવાઓની ભાગીદારી વધે તે માટે CMનો ફેલોશિપ વધારવા નિર્ણય

ફેલોની સંખ્યા 41થી વધારીને 47 અને પ્રોજેક્ટ્સની સંખ્યા 20થી વધારીને 45 કરાઈ

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સ એટલે કે સુશાસનને વધુ અસરકારક બનાવવા અને સરકારી યોજનાઓના અમલીકરણમાં ગુણાત્મક સુધારા લાવવાની દિશામાં સરદાર પટેલ ગુડ ગવર્નન્સ CM ફેલોશિપનો વ્યાપ વધારવાનો મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંતર્ગત ફેલોની સંખ્યા 41થી વધારીને 47 અને પ્રોજેક્ટ્સની સંખ્યા 20થી વધારીને 45 કરવામાં આવી છે. મુખ્યમંત્રી સીધા નેતૃત્વ હેઠળ કાર્યરત સામાન્ય વહીવટી વિભાગ (જીએડી) દ્વારા કરવામાં આવેલા આ નિર્ણયથી રાજ્યના વિવિધ વિકાસલક્ષી ક્ષેત્રોમાં સંશોધન, નીતિ વિશ્લેષણ, વહીવટી સંકલન અને સરકારી યોજનાઓની કામગીરીના મૂલ્યાંકન માટે યુવા પ્રતિભાઓની ભાગીદારીને વધુ વ્યાપક બનાવવામાં આવશે. જીએડી દ્વારા કરવામાં આવેલા નવા ઠરાવ મુજબ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, અમદાવાદ (IIM અમદાવાદ) આ કાર્યક્રમમાં 'નોલેજ પાર્ટનર' તરીકે કાર્ય કરશે. આ સાથે જ નોલેજ પાર્ટનર દ્વારા નિયુક્ત થનારા વરિષ્ઠ ફેકલ્ટી સભ્યની ભૂમિકા પણ ઠરાવમાં સ્પષ્ટ કરવામાં આવી છે. ફેલોશિપના વિસ્તૃત કાર્યક્ષેત્રમાં શિક્ષણ, આરોગ્ય, પોષણ, કૃષિ, સામાજિક વિકાસ, શહેરી વહીવટ, પર્યાવરણ અને જાહેર વહીવટ જેવા મહત્ત્વપૂર્ણ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રોજેક્ટ્સ દ્વારા યોજનાઓના અમલીકરણમાં આવતી મુશ્કેલીઓ ઓળખવા, ઉપલબ્ધ સંસાધનોનો અસરકારક ઉપયોગ કરવા અને વિભાગોને વ્યવહારુ સુધારાત્મક સૂચનો આપવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

ઓલપાડ પેવર બ્લોકના કૌભાંડમાં એજન્સીને બ્લેકલિસ્ટ કરોઃ કોંગ્રેસ

સ્થળ પર કામ કર્યા વિના અને અગાઉનાં કામોને બેવડાવી ખોટાં બિલો રજૂ કરી ચૂકવણી કરાયાનો આક્ષેપ

માત્ર બદલી નહીં, સસ્પેન્શનની માંગ

આ પ્રકરણમાં મદદનીશ ઇજનેર (તાલુકા પંચાયત, ઓલપાડ), નાયબ કાર્યપાલક ઇજનેર (પંચાયત માર્ગ-મકાન પેટા વિભાગ, ઓલપાડ) અને તલાટી-કમ-મંત્રીની ભૂમિકા સામે પણ સવાલો ઉઠાવવામાં આવ્યા છે. રજૂઆત મુજબ, આ અધિકારીઓની અન્યત્ર બદલી કરવામાં આવી છે, પરંતુ માત્ર બદલીથી જવાબદારી નક્કી થતી નથી. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને સસ્પેન્ડ કરવાની અને એજન્સી પાસેથી ગેરકાયદે ચૂકવાયેલી સંપૂર્ણ રકમ વ્યાજ સહિત વસૂલવાની માગ કરાઈ છે.

સુરતઃ ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતના પેવર બ્લોક અને આંતરિક રસ્તાઓનાં કામોમાં રૂ. 24.90 લાખની ગેરરીતિ થયાના પ્રકરણમાં હવે કામ કરનાર એજન્સી સામે પણ ફોજદારી કાર્યવાહી કરવાની માગ ઊઠી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે જિલ્લા વિકાસ અધિકારી અને માર્ગ-મકાન વિભાગ (પંચાયત)ના કાર્યપાલક ઇજનેરને લેખિત રજૂઆત કરીને સંબંધિત એજન્સીને બ્લેકલિસ્ટ કરવા, ગેરકાયદે ચૂકવાયેલી રકમ વ્યાજ સહિત વસૂલ કરવા અને જવાબદાર અધિકારીઓને માત્ર બદલી કરવાને બદલે સસ્પેન્ડ કરવાની માગ કરી છે.

રજૂઆતમાં આક્ષેપ કરાયો છે કે ઓલપાડ ગ્રુપ ગ્રામ પંચાયતની સામાન્ય સભાના તા. 27 ફેબ્રુઆરી, 2026ના ઠરાવ નંબર 166 અંતર્ગત પેવર બ્લોક અને આંતરિક રસ્તાઓનાં કામો માટે વહીવટી મંજૂરી મેળવવામાં આવી હતી. જોકે, કેટલાક કામો સ્થળ પર થયા ન હોવા છતાં એક જ એજન્સીને કુલ રૂ. 24.90 લાખની ચૂકવણી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. મંજૂર રકમ કરતાં વધુ ચૂકવણી કરવા માટે ખોટાં અને બનાવટી બિલો રજૂ કરાયાં હોવાનો પણ રજૂઆતમાં દાવો કરાયો છે. દર્શન નાયકે જણાવ્યું છે કે વિકાસનાં કામોમાં જેટલી જવાબદારી સરકારી તંત્રની છે, તેટલી જ જવાબદારી કામ કરનાર એજન્સીની પણ છે. જો સ્થળ પર કામ કર્યા વિના કે ડુપ્લિકેટ બિલોના આધારે નાણાં મેળવવામાં આવ્યાં હોય તો તે ગંભીર બાબત છે. આથી સંબંધિત એજન્સી સામે તાત્કાલિક એફઆઈઆર નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી એજન્સીને સરકારી કામોમાંથી બ્લેકલિસ્ટ કરવાની પણ માગ કરવામાં આવી છે.

જન્મ ગુજરાતમાં પણ ધો.10-12 બહારથી પાસ, તો MBBSમાં સ્ટેટ ક્વોટાનો લાભ નહીં

ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચનો ચુકાદો, આવા વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા ક્વોટામાં પ્રવેશ મેળવવા નિર્દેશ

અમદાવાદઃ ગુજરાતમાં જન્મેલા પરંતુ ધોરણ 10 અને 12 અન્ય રાજ્યમાંથી પાસ કરેલા વિદ્યાર્થીને મેડિકલના પ્રવેશમાં સ્ટેટ ક્વોટાનો લાભ નહીં મળે, તેવો ચુકાદો ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આપ્યો છે.

ગુજરાતમાં જન્મેલા અને નીટની પરીક્ષામાં સારા ગુણ મેળવનારા વિદ્યાર્થીઓ માટે પણ મેડિકલના પ્રથમ વર્ષમાં પ્રવેશમાં રાજ્યના ડોમિસાઇલ ક્વોટાનો લાભ મેળવવા શાળાકીય અભ્યાસના નિયમોનું પાલન કરવું જરૂરી છે. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે મહત્ત્વના ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે પિતાની નોકરીમાં બદલી થવાને કારણે ગુજરાત બહારથી ધોરણ 10 અને 12 પાસ કરનાર વિદ્યાર્થીને પ્રવર્તમાન પ્રવેશ નીતિ મુજબ રાજ્યના ક્વોટા હેઠળ મેડિકલમાં પ્રવેશનો લાભ મળી શકે નહીં. આવા વિદ્યાર્થીઓએ ઓલ ઇન્ડિયા ક્વોટા હેઠળ પ્રવેશ મેળવવાની પ્રક્રિયાનો આશરો લેવો પડશે.

આ કેસમાં ખાનગી બેંકમાં નોકરી કરતા અનુસૂચિત જાતિ (SC) ના એક અધિકારીના પુત્રનો જન્મ ગુજરાતમાં થયો હતો. જોકે, પિતાની બદલી મહારાષ્ટ્રના પુણે ખાતે થતાં વિદ્યાર્થીએ ધોરણ 10 અને 12નો અભ્યાસ ત્યાંથી પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ તેણે નીટની પરીક્ષામાં સારા ગુણ મેળવ્યા હતા, જે એસસી અનામત વર્ગના કટ-ઓફ કરતાં પણ વધુ હતા. તેમ છતાં, ગુજરાતના સ્ટેટ ક્વોટા હેઠળ મેડિકલમાં પ્રવેશ માટેની તેની અરજી પ્રવેશના નિયમો મુજબ માન્ય ગણવામાં આવી નહોતી.

આ નિર્ણયને પડકારતાં વિદ્યાર્થીએ હાઈકોર્ટમાં અરજી કરી હતી, ત્યારે ગુજરાત હાઈકોર્ટના સિંગલ જસ્ટીસએ અરજી ફગાવી દીધી હતી. ત્યારબાદ આ ચુકાદાને ડિવિઝન બેન્ચ સમક્ષ પડકારવામાં આવ્યો હતો.

આ કેસમાં ડિવિઝન બેન્ચ સમક્ષ વિદ્યાર્થી તરફથી દલીલ કરવામાં આવી હતી કે તેનો જન્મ ગુજરાતમાં થયો છે અને તેની પાસે રાજ્યનું ડોમિસાઇલ પણ છે. છતાં તેને રાજ્યના ક્વોટાના લાભથી વંચિત રાખવો અન્યાયી છે. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સિંગલ જજના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો.

કરંજ ટોલનાકા પાસે 9 હજારની લાંચ લેતા ટ્રાફિક ASI સહિત બે ઝડપાયા

ટ્રાફિક એ.એસ.આઇ. અને ખાનગી ઈસમે ટ્રકોની અવરજવરમાં હેરાનગતિ ન કરવાના બદલામાં રૂ.૯,૦૦૦ની લાંચ માંગ હતી

માંડવી: માંડવી રોડ ઉપર આવેલા કરંજ ટોલનાકા સહયોગ હોટલ નજીક સુરત ગ્રામ્યના ટ્રાફિક શાખાના એક આર્મ્ડ એ.એસ.આઈ. અને એક ખાનગી ઈસમને ટ્રકોની અવરજવરમાં હેરાનગતિ ન કરવાના બદલામાં રૂ.૯,૦૦૦ની લાંચ સ્વીકારતા એસીબી દ્વારા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

ફરિયાદીના મામા રેતી અને કપચીનો છૂટક તથા જથ્થાબંધ વ્યવસાય કરતા હતા, જેની દેખરેખ ફરિયાદી સંભાળતા હતા. તેમના વ્યવસાયમાં કુલ ૬ ટ્રક કાર્ટિંગમાં દોડતી હતી. આરોપીઓએ આ ટ્રકોને રસ્તામાં રોકી અવારનવાર હેરાનગતિ કરવાનું શરૂ કર્યું હતું. આ હેરાનગતિ બંધ કરવાના અવેજ પેટે આરોપી કિરણભાઈ રમણભાઈ રોહિત (આર્મ એ.એસ.આઈ., વર્ગ-૩, જિલ્લા ટ્રાફિક સુરત ગ્રામ્ય) (રહે., બી/૧ ઓમ બંગ્લોઝ, ચીકુવાડી, તરસાડી, તા.માંગરોળ, જિ.સુરત, મૂળ રહે.,સાદલી, તા.કરજણ, જિ.વડોદરા) વતી આરોપી અમીતકુમાર નગીનભાઈ પ્રજાપતિ (સિવિલ કોન્ટ્રાક્ટર) (રહે.,૪૦૪ પુરુષાર્થ કોમ્પ્લેક્સ, કેરવેલ સ્કૂલની બાજુમાં, કરંજ રોડ, તા.અરેઠ, મૂળ રહે.,મકાન-૪૩૬, સરપંચ ફળિયું, રાધાકૃષ્ણ સોસાયટીની પાસે, મક્તમપુર, ભરૂચ) દ્વારા ટ્રક દીઠ રૂ.૧,૫૦૦ લેખે કુલ ૬ ટ્રકના રૂ.૯,૦૦૦ની લાંચની માંગણી કરવામાં આવી હતી. ફરિયાદી લાંચની આ રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. જે અન્વયે તા.૨૮/૧૦/૨૦૨૬ના રોજ સુરતના માંડવી રોડ પર કરંજ ટોલનાકા પાસે આવેલી સહયોગ હોટલ ખાતે એસીબીની ટીમ દ્વારા છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેપ દરમિયાન આરોપી કિરણની સંમતિથી અમીતકુમાર પ્રજાપતિએ ફરિયાદી પાસેથી રૂ.૯,૦૦૦ની લાંચની રકમ સ્વીકારી હતી. એસીબીની ટીમે સ્થળ પરથી લાંચની પૂરેપૂરી રકમ સફળતાપૂર્વક રિકવર કરી બંને આરોપી વિરુદ્ધ કાયદેસરની ગુનાહિત કાર્યવાહી હાથ ધરી છે.

સુરત થઈને જતી મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર સ્પેશિયલ ટ્રેનના ફેરા વધ્યા

હવે અઠવાડિયામાં ત્રણ દિવસ મળશે સુવિધા, 5 નવેમ્બરથી અમલ, બુકિંગ 30 ઓક્ટોબરથી શરૂ

સુરતઃ સુરત થઈને પસાર થતી મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓ માટે સારા સમાચાર છે. પશ્ચિમ રેલવે દ્વારા સુરતથી પસાર થતી ટ્રેન નંબર 09079/09080 મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર સ્પેશિયલના ફેરામાં વધારો કરવામાં આવ્યો છે. આ ટ્રેન અત્યાર સુધી અઠવાડિયામાં બે દિવસ દોડતી હતી, જેને હવે વધારીને અઠવાડિયામાં ત્રણ દિવસ કરવામાં આવી છે.

પશ્ચિમ રેલવેના આ નિર્ણયથી મુંબઈ, સુરત, વડોદરા થઈને ઈન્દોર જતા યાત્રીઓને મોટી રાહત મળશે. 5 નવેમ્બરથી મુંબઈ સેન્ટ્રલ-ઈન્દોર શરૂ થશે. ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી દર મંગળવાર, ગુરુવાર અને રવિવારે ઉપડશે અને બોરીવલી, વાપી, સુરત, વડોદરા, રતલામ થઈને ઈન્દોર જશે. જ્યારે ઈન્દોર-મુંબઈ સેન્ટ્રલ ટ્રેન ઈન્દોરથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે ઉપડશે અને સુરત થઈને મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આમ સુરતના યાત્રીઓને ઈન્દોર માટે હવે અઠવાડિયામાં ત્રણ દિવસ સીધી ટ્રેનનો વિકલ્પ મળશે.ટ્રેનના વધારેલા ફેરાનું બુકિંગ 30 ઓક્ટોબર, 2026થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે.

ચેક રિટર્નમાં તરસાડીના રહીશને ૧ વર્ષની સજા

સુરતઃ ફરીયાદી નરેશભાઈ માણીયા પાસેથી તરસાડીના આરોપી દેવેન્દ્રસિંહ વિજયસિંહ માંગરોળાએ રૂ.૮ લાખ હાથ ઉછીના લીધા હતા. જે પેટે આરોપીએ આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ એડવોકેટ નરેશ નાવડીયા મારફતે કોર્ટમાં ફરિયાદ કરી હતી. જેની સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે આરોપી ને ૧ વર્ષ ની સજા અને ચેકની રકમ વ્યાજ સાથે ફરિયાદીને ચુકવવા હુકમ કર્યો હતો.

આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ ભાવનગર તળાજાના વતની અને હાલમાં સિંગણપોર વિસ્તારમાં આવેલા સુમનકુંજ આવાસમાં પરિવાર સાથે રહેતા અને રેડિમેઈડ કાપડની દુકાનમાં કામ કરતાં અર્જુન શિવાભાઈ મારૂ (ઉં.વ.20) એ આર્થિક સંકડામણને કારણે આજે વહેલી સવારે અર્જુન શિવાભાઈ મારૂ (ઉં.વ.20) રૂમમાં લોખંડના હુક સાથે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

CBG અને બાયો-CNG પ્લાન્ટને GPCBની મંજૂરી પ્રક્રિયામાંથી મુક્તિ

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયમનો ગુજરાતમાં અમલ સરળ બનાવવા જીપીસીબીનું જાહેરનામું

હવે અલગથી સ્થાપના કે સંચાલન માટે મુક્તિપત્ર લેવાની ઝંઝટ નહીં

ગાંધીનગરઃ ગુજરાતમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડએ પાત્ર કમ્પ્રેસ્ડ બાયોગેસ અને બાયો-CNG પ્લાન્ટ માટે મંજૂરી પ્રક્રિયા સરળ બનાવી છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સુધારેલા વ્હાઇટ કેટેગરી વર્ગીકરણ હેઠળ આવતા અને નિર્ધારિત શરતોનું પાલન કરતા પ્લાન્ટને હવે સ્થાપના માટેની સંમતિ અને સંચાલન માટેની સંમતિ મેળવવામાંથી મુક્તિ મળશે. આ મુક્તિનો રાજ્યભરમાં એકસમાન અમલ થાય તે માટે જીપીસીબીએ 28 ઓક્ટોબર, 2026ના રોજ સામાન્ય જાહેરનામું બહાર પાડ્યું છે. પરિણામે, પાત્ર એકમોએ મુક્તિની સ્પષ્ટતા મેળવવા કે અલગથી મુક્તિપત્ર લેવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કચેરીઓના ધક્કા ખાવાની જરૂર નહીં રહે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના આ નિર્ણયથી CBG અને બાયો-CNG પ્રોજેક્ટ્સ માટેની વહીવટી પ્રક્રિયામાં થતો બિનજરૂરી પત્રવ્યવહાર ઘટશે અને નોંધણી, મંજૂરી તથા સરકારી નાણાકીય સહાય માટેની અરજીઓની પ્રક્રિયા સરળ બનવાની અપેક્ષા છે. અગાઉ 23 ઓક્ટોબરે જીપીસીબીએ કેન્દ્રિય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સુધારેલા વર્ગીકરણ મુજબ વ્હાઇટ કેટેગરીની 768 ઔદ્યોગિક પ્રવૃત્તિઓ અને ઉત્પાદનોની સુધારેલી યાદી જાહેર કરી હતી. તેમાં નિર્ધારિત કાચા માલ અને શરતોને આધીન પાત્ર CBG પ્લાન્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

કોર્પો.-અધિકારીઓ...

છે, તેનો એક શરમજનક અને કાન આમળતો કિસ્સો સામે આવ્યો છે. દિવાળી પૂર્વે ચંદી પડવાના દિવસે મળેલી સામાન્ય સભામાં લોકોના પ્રશ્નો ઉકેલવા બેઠેલા નગરસેવકો અને બાબુઓએ ભેગા મળીને પ્રજાના પૈસે મોંઘીદાટ મિજબાની ઉડાવી હતી. સામાન્ય જનતા મોંઘવારીમાં પીસાઈ રહી છે ત્યારે 'જનસેવકો'એ જનતાના જ પૈસે 750 પ્રતિ કિલોના ભાવે 130 કિલોથી વધુ ભજીયા ઝાપટીને અંદાજે 1 લાખનું આંધણ કરી નાખતાં ચારેકોરથી ફિટકાર વરસી રહ્યો છે.

'દલાતરવાડી' જેવો વહીવટઃ સુવિધાના નામે ઠાગાઠૈયા અને નાસ્તામાં જલસા

શહેરમાં બિસ્માર રસ્તા, ઉભરાતી ગટરો, ટ્રાફિક અને પ્રાથમિક સુવિધાઓ માટે સામાન્ય નાગરિકો પાલિકા કચેરીઓના ધક્કા ખાઈને ત્રસ્ત થઈ ગયા છે. કરદાતાઓના નાણાંમાંથી સુવિધાઓ આપવાના બદલે માત્ર એક બપોરના નાસ્તામાં લાખો રૂપિયા ફૂંકી મારવામાં આવ્યા છે. પાલિકા વર્તુળોમાં જાણે 'દલાતરવાડી, રીંગણાં લઉ બે-ચાર? લો ને દસ-બાર' જેવો ઘાટ સર્જાયો છે; શાસકો જાતે જ મંજૂરી આપે છે અને જાતે જ તિજોરી ખાલી કરે છે. આ માત્ર ભજીયાનું બિલ નથી, પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા પ્રજાના વિશ્વાસ પર કરવામાં આવેલો બેફામ ખર્ચ છે, જેનો હિસાબ જનતા આવનારા દિવસોમાં જરૂર માંગશે.

બજારમાં રૂ.350...

ભજીયાનો ઓર્ડર ઠોકી દેવાયો. સવાલ એ થાય છે કે, શું આ ખરીદીમાં પ્રજાના નાણાંની ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે? જથ્થાબંધ ખરીદીમાં પણ આવા ઊંચા ભાવ મંજૂર કરનારા અધિકારીઓની નિયત સામે પણ ગંભીર શંકાઓ ઉપજી રહી છે.

'મારી બહેન...

પરીક્ષા આપીને નીકળેલા વિદ્યાર્થીને યુવતીના સંબંધીએ વાત કરવાના બહાને બોલાવ્યો હતો અને 'હવે વાત નહીં કરું' તેવી ખાતરી આપવા છતાં પાછળથી કમરના ભાગે ચપ્પુ મારી દીધું હતું. લોહીલુહાણ હાલતમાં વિદ્યાર્થીને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે ખટોદરા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, સલાબતપુરાના રુસ્તમપુરા વિસ્તાર સ્થિત ભઠ્ઠી મહોલ્લામાં રહેતો 16 વર્ષીય પુત્ર મોહન (નામ બદલ્યું છે) ધોરણ-11માં અભ્યાસ કરે છે. હાલ તેની પરીક્ષા ચાલી રહી હોવાથી તે બપોરે 12 વાગ્યાના અરસામાં પોતાની સુઝુકી સ્વીશ મોપેડ લઈને ટી.એન.ટી.વી. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા ગયો હતો. બપોરે પેપર પૂર્ણ થયા બાદ મોહન શાળા નજીક આવેલી ચાની લારી પર ઊભો હતો, ત્યારે કુણાલ નામનો યુવક ત્યાં આવ્યો હતો અને મોહનને વાતચીત કરવા માટે સિવિલ હોસ્પિટલના પાછળના ભાગે બોલાવ્યો હતો.

મારામારી કરી...

ગીતાનગર સોસાયટી પાસે પહોંચેલી પોલીસની કામગીરીમાં અવરોધ ઊભો કરી, માથાભારે આરોપી સ્નેહલ ઉર્ફે સોનુ બિસ્વાલે ફરજ પરના એક એ.એસ.આઈ.ને ખભા અને આંગળી પર બચકાં ભરી લોહીલુહાણ કરી દીધા હતા. પોલીસે ભારે જહેમત બાદ આરોપીને કાબૂમાં લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, લિંબાયત પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના એ.એસ.આઈ. પિતામ્બર વ્યંકટ પાટીલ ગત ૨૮ ઓક્ટોબરની રાત્રે નાઈટ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ગીતાનગર સોસાયટીમાં ઝઘડો થય